# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-01-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## રાજ્ય-મેટ્રો ટ્રેન મુસાફરો:

રાજ્યમાં મેટ્રો ટ્રેનની દૈનિક મુસાફરીમાં ગત ત્રણ વર્ષમાં ચાર ગણો વધારો થયો છે. હાલ ટ્રેનમાં દરરોજ પ્રવાસ કરનારાઓની સંખ્યા દોઢ લાખ સુધી પહોંચી છે. વર્ષ 2023 દરમિયાન દર મહિને સરેરાશ 27 લાખ મુસાફરોએ મેટ્રો ટ્રેનનો ઉપયોગ કર્યો. વર્ષ 2024માં આ સંખ્યા વધીને 35 લાખ સુધી પહોંચી છે. જ્યારે વર્ષ 2025માં આ આંકડો 44 લાખને પાર પહોંચ્યો હતો.

**-------------------------------------------------------------------------------------------------**

## રાજ્ય-જાદુઈ પિટારા-શિક્ષણ:

રાજ્યની તમામ સરકારી બાળવાટિકા તથા ધોરણ એક અને બે-ના વિદ્યાર્થીઓ “જાદુઈ પિટારા”થી આનંદદાયી શિક્ષણ મેળવશે. બાળકો ગોખણિયા શિક્ષણની જગ્યાએ પ્રવૃત્તિલક્ષી શિક્ષણ મેળવે તે માટે રાજ્ય સરકારે આ પહેલ કરી છે. જાદુઈ પિટારા થકી બાળકોને રમત, કળા, સંગીત, નવાચાર, પ્રવૃત્તિ-પ્રોજેક્ટ, સહપાઠી શિક્ષણ, મહાવરો, મૂલ્યાંકન જેવા વિવિધ પ્રયાસથી રમકડાં આધારિત શિક્ષણ આપનારું ગુજરાત પ્રથમ રાજ્ય હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

રાજ્ય સરકાર દ્વારા તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળવાટિકા તેમજ ધોરણ એક અને બે-ના બાળકો માટે 74 હજારથી વધુ "જાદુઈ પિટારા" આપવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. આ પિટારાનો રાજ્યના 12 લાખ 35 હજારથી વધુ વિદ્યાર્થીઓને સીધો લાભ મળશે.

**-------------------------------------------------------------------------------------------------**

## પ્રભારીમંત્રી-સમીક્ષા બેઠક:

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્યકક્ષાના મંત્રી તથા પ્રભારીમંત્રી કાંતિલાલ અમૃતિયાના અધ્યક્ષસ્થાને ગઈકાલે જિલ્લા પંચાયતના અધિકારીઓ તથા પદાધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઇ હતી.

બેઠકમાં પ્રભારી મંત્રી દ્વારા "No pending" નું સુત્ર આપનાવી ગત વર્ષોના બાકી કામો તથા નવા આયોજનના કામોને ધારાસભ્યો તથા સ્થાનિક પ્રતિનિધિઓ સાથે સંકલન સાધીને સમયમર્યાદામાં તેમજ ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ કરવા તાકીદ કરાઈ હતી. વધુમાં તેમણે સંકલન તથા સમતોલ વિકાસ કરવા તેમજ છેવાડાના ગામ સુધી સરકારી યોજનાનો લાભ પહોંચાડવા સૂચન કર્યું હતું.

---------------------------------------------------------------------------------------------------

## મુન્દ્રા-કુંવરજી બાવળીયા:

રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા ગ્રામીણ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ મુન્દ્રા ખાતે આઈ.ટી.આઈની મુલાકાત લઈને યુવાનોના ઈનોવેશનની સરાહના કરી હતી. તેમણે સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા વિવિધ મોડલનું નિરીક્ષણ કર્યુ હતું. અને મુન્દ્રા આઈટીઆઈના 8 ટ્રેડ અને ક્લાસરૂમની મુલાકાત લઈને નવા કોર્ષ તથા શૈક્ષણિક કામગીરી અંગે વિગતવાર માહિતી મેળવી હતી.

---------------------------------------------------------------------------------------------------

## દુધઈ પશુપાલન શિબિર:

પશુપાલન વિભાગ, જીલ્લા પંચાયત અને અંજાર પશુ દવાખાના દ્વારા ગઈકાલે દુધઈ ખાતે જીલ્લા કક્ષા પશુપાલન શિબિરનું રાજ્યકક્ષાનાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગનાં મંત્રી ત્રિકમભાઈ છાંગાનાં અધ્યક્ષસ્થાને આયોજન કરવામાં આવ્યુ હતું. મંત્રીશ્રી દ્વારા મહિલા પશુપાલકોની સક્રિયતાથી આવનારા સમયમાં કચ્છ પશુપાલન ક્ષેત્રે વધુ અસરકારક બને તેમજ પશુપાલનની તમામ યોજનાઓનો લાભ લેવા અને વૈજ્ઞાનિક દ્રષ્ટીકોણ અપનાવવા બાબતે જાગૃત રહેવા તમામ પશુપાલકોને જણાવવામાં આવ્યું.

આ શિબિરનાં માંડવી, મુન્દ્રા, રાપર, અંજાર, ભચાઉ તાલુકાનાં કુલ મળીને ૬૦૦ થી વધારે પશુપાલક ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. શિબિરમાં વિવિધ વિષય નિષ્ણાતો દ્વારા પશુ રસીકરણ, પશુ સંવર્ધન, પશુપોષણ, પશુ આરોગ્ય, પશુ માવજત તેમજ સરકારની વ્યક્તિલક્ષી સહાયની યોજનાઓ બાબતે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

---

## કચ્છ યુનિ.-રાષ્ટ્રીય કાર્યશાળા:

રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ અને નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાતના સહયોગથી કચ્છ યુનિવર્સિટીના રસાયણશાત્ર વિભાગ દ્વારા આવતીકાલથી છ દિવસીય રાષ્ટ્રીય કક્ષાની કાર્યશાળા એડવાન્સ્ડ એનાલિટિકલ ઇન્સ્ટ્રુમેન્ટેશન વિષય પર યોજાશે. આ કાર્યશાળામાં વિદ્યાર્થીઓ અને સંશોધકોને અદ્યતન એનાલિટિકલ સાધનોની થિયરી તેમજ પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે. આ માટે જાપાન, જર્મની, અમેરિકા અને સ્વિત્ઝર્લેન્ડની પ્રતિષ્ઠિત કંપનીઓના નિષ્ણાતો ઉપસ્થિત રહેશે.

---

## અંડર-19 વિશ્વ કપ ક્રિકેટ:

ભારતની 19 વર્ષની નીચેની વયની યુવા ટીમે બાંગ્લા દેશની યુવા ટીમને 18 રને હરાવી વિશ્વ કપના જંગમાં બીજી સફળતા  મેળવી છે. ઝિમ્બાબ્વેના બુલાયાવોમાં બે વખત વરસાદના વિધ્નને લીધે ઓવર ઘટાડવી પડી હતી. પ્રથમવાર 49 ઓવરની મેચમાં ભારતે 238 રન કર્યા હતા. બીજી વખત વરસાદને લીધે વિજયી લક્ષ્ય 29 ઓવરમાં 165 રન કરી દેવાયું હતું. બાંગ્લાદેશની ટીમ 146 રનમાં આઉટ થઈ હતી. ભારતીય ટીમના અભિજ્ઞ કુંડુએ 80 અને વૈભવ સૂર્યવંશીએ 72 રન કર્યા હતા.

---

## વન ડે ક્રિકેટ મે:

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ત્રીજી અને અંતિમ વન ડે મેચ આજે ઇન્દોરના હોલકર સ્ટેડિયમ ખાતે રમાશે. ભારતે વડોદરાની અને ન્યૂઝીલેન્ડની ટીમે રાજકોટની મેચ જીતી શ્રેણી સરભર કરી છે. તેથી શ્રેણી વિજય માટે આજની મેચ બન્ને દેશો માટે મહત્વની મનાય છે.

---------------------------------------------------------------------------------------------------

## હવામાન:

રાજ્યભરમાં હાલ ઠંડીનું જોર ઘટ્યું છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે, આગામી સાત દિવસ રાજ્યના લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર થવાની શક્યતા નહીંવત્ છે.

---------------------------------------------------------------------------------------------------